NAVYUG EDUCATION SOCIETY : SHETH SHREE N. K. MEHTA TRUST
MAHARSHI DAYANAND SCIENCE COLLEGE
Address : Near Kamla Nehru Park, Opp. Lions Hospital, Porbandar – 360 575.
Ph/Fax : 0286-2244593
E-mail : mdscpbr@yahoo.co.in Website : www.mdscience.in

## જુનિયર ક્લાર્ક વર્ગ – ૩ (અનામત) અને (બિન અનામત) માટેની દ્વિતિય સ્પર્ધાત્મક પરિક્ષા અંગે અગત્યની સુચનાઓ અને સમયપત્રક

શેઠ શ્રી એન.કે. મહેતા ટ્રસ્ટ : નવયુગ એજ્યુકેશન સોસાયટી-પોરબંદર સંચાલિત મહર્ષિ દયાનંદ સાયન્સ કોલેજ-પોરબંદરમાં બે(૨) જુનિયર ક્લાર્કની ખાલી પડેલ જ્ગ્યા માટે તા.૦૬-૧૧-૨૦૨૫ ના રોજ સંસ્થા દ્વારા આપવમાં આવેલ જાહેરાતનાં અનુસંધાને તા.૧૫-૦૩-૨૦૨૬ના લેવાયેલ પ્રથમ પ્રાથમિક પરિક્ષામાં ઉતિર્ણ થયેલ લાયક ઉમેદવારની યાદી મુજબ જુનિયર ક્લાર્ક વર્ગ-૩ (અનામત) અને (બિન અનામત) ની દ્વિતિય સ્પર્ધાત્મક પરિક્ષા : મુખ્ય પરિક્ષાનું આયોજન નીચે મુજબની તારિખે અને સમયે કરેલ છે તે અંગેનો કોલ લેટર સ્પીડ પોસ્ટથી મોકલેલ છે.

| પરિક્ષા કેન્દ્રનું નામ અને સરનામું | પરિક્ષાની તારિખ/વાર | રિપોર્ટીંગનો સમય | ગેટ બંધ થવાનો સમય | પરિક્ષાનો સમય |
|---|---|---|---|---|
| મહર્ષિ દયાનંદ સાયન્સ કોલેજ કમલા બાગ પાસે, લાયન્સ હોસ્પિટલ સામે, પોરબંદર | 12/04/2026 રવિવાર | 10:00 AM | 10:45 AM | સવારે 11:00 AM to 01:00 PM (બે ક્લાક) |

**(નીચે આપેલ તમામ સૂચનાઓ ઉમેદવારે વાંચીને તેનો અમલ કરવાનો રહેશે)**

1. પરિક્ષામાં હાજર રહેવા બાબતનાં મોકલાવેલ કોલલેટર સાથે પરિક્ષા માટે ઉમેદવારે સ્વખર્ચે આવવાનું રહેશે.
2. ઉમેદવારે પરિક્ષા કેન્દ્ર ખાતે રિપોર્ટીંગ સમયે (એક ક્લાક પહેલા) હાજર થવાનું રહેશે. પરિક્ષા સ્થળે હાજર રહી નિયત પત્રકમાં સહી કરવાની રહેશે.
3. ગેટ બંધ થયાનાં સમય બાદ કોપણ સંજોગોમાં ઉમેદવારને પરિક્ષા માટે પ્રવેશ આપવામાં અવશે નહીં. આથી સમયસર હાજર રહેવું તથા આ બાબતે પરિક્ષા સ્ટાફ સાથે કોઇપણ પ્રકારનો વાદ-વિવાદ કરવો નહીં.
4. દરેક ઉમેદવારે ૨(બે) પાસપોર્ટ સાઇઝનો ફોટો તથા ઉમેદવારે એક ફોટો આઇ.ડી. (આધર કાર્ડ/પાન કાર્ડ/ડ્રાયવિંગ લાયસન્સ વગેરે) સાથે લાવવું ફરજીયાત છે. અન્યથા પરિક્ષા ખંડમાં દાખલ થવા દેવામાં આવશે નહીં.
5. ઉમેદવારે પરિક્ષાનાં દિવસે કોલેજ નોટિસ બોર્ડ પરથી પોતાનો બેઠક નંબર વર્ગ ખંડની વિગત મેળવી લેવી.
6. પરિક્ષા કેન્દ્રમાં કોઇપણ પ્રકારનું ઇલેક્ટ્રોનિક ઉપકરણો(કેલ્ક્યુલેટર, મોબાઇલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ પેન, સ્માર્ટ ચશ્માં) વગેરે લાવી શકાશે નહીં.
7. ઉમેદવારે માત્ર બ્લેક અને બ્લુ પેનનો જ ઉપયોગ કરવાનો રહેશે અને કોઇપણ પ્રકારની અન્ય પેન કે પેન્સિલનો ઉપયોગ OMR શીટમાં રાઉન્ડ માર્ક માટે કરવો નહીં.
8. ગુજરાત સરકાર અને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ તેમજ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા અપાયેલ એન.ઓ.સી. મુજબ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરનાં પ્રસ્થાપિત નિયમો અને પરિક્ષાનાં માળખા મુજબ આ પરિક્ષા યોજવામાં આવશે.

NAVYUG EDUCATION SOCIETY : SHETH SHREE N. K. MEHTA TRUST
MAHARSHI DAYANAND SCIENCE COLLEGE
Address : Near Kamla Nehru Park, Opp. Lions Hospital, Porbandar – 360 575.
Ph/Fax : 0286-2244593
E-mail : mdscpbr@yahoo.co.in Website : www.mdscience.in

9. ભરતી પ્રક્રિયા અને પરિક્ષા અંગેનો આખરી નિર્ણય સરકારશ્રીનાં નિયમોનુસાર નિમાયેલ કમિટીનો રહેશે.

10. સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરિક્ષા પદ્ધતિ અનુસાર પરિક્ષા એક તબકકામાં MCQ પદ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરિક્ષા લેવામાં આવશે.

11. મુખ્ય પરિક્ષાનો અભ્યાસક્રમ નીચે મુજ્બ રહેશે. (૨૦૦ ગુણ અને સમય : ૧૨૦ મિનિટ)

| | | |
|---|---|---|
| 1 | અંગ્રેજી | 20 ગુણ |
| 2 | ગુજરાતી | 20 ગુણ |
| 3 | રાજ્યશાસ્ત્ર/જાહેર વહિવટ આરટીઆઇ (માહિતીનો અધિકાર અધિનિયમ) સીપીએસ/પીસીએ | 30 ગુણ |
| 4 | ઇતિહાસ, ભૂગોળ, સાંસ્કૃતિક વારસો | 30 ગુણ |
| 5 | અર્થશાસ્ત્ર, પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી | 30 ગુણ |
| 6 | વર્તમાન બાબતો અને રિઝનિંગ સાથે વર્તમાન બાબતો | 30 ગુણ |
| 7 | રિઝનિગ (તર્ક) | 40 ગુણ |
| | કુલ | 200 ગુણ |

12. દરેક પ્રશ્ન ૦૧ (એક) ગુણનો રહેશે.

13. ઉમેદવારે બધા જ પ્રશ્નોનાં જવાબ આપવાનાં રહેશે.

14. ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. એટલે કે નેગેટિવ માર્કિંગ લાગુ પડશે.

15. દરેક પ્રશ્નોનાં જવાબમાં "NOT ATTEMPTED" નો એક વિકલ્પ "E" રહેશે. ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ આપવા ઇચ્છતા ના હોય તો આ વિકલ્પ પસંદ કરી શકાશે અને "NOT ATTEMPTED" નો એક વિકલ્પ "E" પસંદ કરવાનાં કિસ્સામાં નેગેટિવ માર્કિંગ લાગુ પડશે નહીં.

16. પ્રશ્નનાં આપેલા બધા વિકલ્પોમાંથી કોઇપણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ ઓછા (નેગેટિવ માર્કિંગ)કરવામાં આવશે.

17. પરિક્ષા દરમ્યાન કોઇપણ પ્રકારની ગેરરીતિ આચારનાર તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો Gujarat Public Examination Act, 2023 અધિનિયમ અનુસાર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

18. પરિક્ષા પૂર્ણ થયા બાદ OMR શીટ બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે.

I/c Principal
Maharshi Dayanand Science College